BAOU
Education for All

Dr. Babasaheb Ambedkar
Open University
(Established by Government of Gujarat)

# BAOUમાં 'વંદે માતરમ્' ગીતનાં ૧૫૦ વર્ષ પૂર્ણ થતાં સાર્ધ શતાબ્દીની ભવ્ય ઉજવણી કરાઈ



દેશનાં ગૌરવ ગીત 'વંદે માતરમ્'ના ૧૫૦ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી પ્રસંગે રાજ્યનાં વિવિધ શહેરોમાં 'વંદે માતરમ્' સપ્તાહની યાત્રાની ઉજવણીની શરૂઆત કરવામાં આવી છે. ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી (BAOU) અને રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના સંયુક્ત ઉપક્રમે 'વંદે માતરમ્' રચના વિશે શોધયાત્રાની રજૂઆત થઈ હતી, જેમાં BAOUનાં કુલપતિ પ્રો. ડો. અમી ઉપાધ્યાય, પુણેથી સંશોધક મિલિંદ સબનીસ, રાષ્ટ્રધર્મ પ્રતિષ્ઠાનના પ્રમુખ હર્ષદ યાજ્ઞિક અને મહામંત્રી જ્યોતિબહેન પટેલ, ગુજરાત યુનિવર્સિટીના રાજ્યશાસ્ત્ર વિભાગના ડો. હિતેશભાઇ પટેલ, પ્રા. ચિરાયુ પંડિત ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રઋષિ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયજીએ ગૌરવ ગીત 'વંદે માતરમ્'ની રચના ૧૮૭૫માં કરી હતી. આ ગીતના ઇતિહાસ તેમજ મહત્ત્વ વિશે સંશોધક મિલિંદ સબનીસની ટીમ દ્વારા ઓડિયો વિઝ્યુઅલ પ્રદર્શન દ્વારા અભિવ્યક્તિ કરવામાં આવી હતી.

દિવ્ય ભાસ્કર "અમદાવાદ આવૃત્તિ" પેજ નં:02 તારીખ : 16/07/2025

Scanned with OKEN Scanner